પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૯૯, કુલ પાના:૪, તારીખ: ૧૮-૧૨-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 99 PRICE :-RS. 1.50 DATE : 18-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુપ્રિમ કોર્ટમાં ખેડૂત આંદોલન મુદ્દે સુનાવણી ટળી

## ખેડૂતોને દેખાવો કરવાનો હક્ક, શહેરને બાનમાં લઈ ન શકે: સુપ્રિમ

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં ખેડૂત આંદોલનને લઈને થઈ રહેલી સુનાવણી ટળી ચુકી છે. સર્વોચ્ચ અદાલતે ગુરૂવારના કહ્યું છે કે તે ખેડૂતોનો પક્ષ જાણ્યા વગર નિર્ણય નહીં લે. આવામાં હજુ સરકાર અને ખેડૂતોની વચ્ચે કમિટી બનાવવા પર કોઈ નિર્ણય નથી થયો. જો કે સુનાવણી દરમિયાન કેટલીક સખ્ત ટિપ્પણીઓ કરવામાં આવી જેમાં સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, પ્રદર્શન ખેડૂતોનો હક છે, પરંતુ રાસ્તા બંધ ના થવા જોઈએ. અદાલતે સરકારને સલાહ પણ આપી કે તે કેટલાક સમય સુધી કાયદાને હૉલ્ડ રાખવા પર વિચાર કરે.



સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જ્યારે અરજીકર્તાઓ તરફથી પ્રદર્શનકારીઓને રસ્તાથી હટાવવાની માંગ કરવામાં આવી ત્યારે ચીફ જસ્ટિસે કહ્યું કે, પ્રદર્શન કરવું ખેડૂતોનો અધિકાર છે. આવામાં તેમાં કાપ ના મુકી શકાય. જો કે આ અધિકારથી કોઈ બીજાને મુશ્કેલી ના આવે તેના પર વિચાર થઈ શકે છે. ચીફ જસ્ટિસ તરફથી કહેવામાં આવ્યું કે પ્રદર્શનનું પણ એક લક્ષ્ય હોય છે, જે વાતચીતથી નીકળી શકે છે. આ જ કારણ છે કે અમે કમિટી બનાવવાની વાત કહી રહ્યા છીએ. કમિટીમાં એક્સપર્ટ હોઈ શકે છે જે પોતાનું મંતવ્ય રાખે છે. ત્યાં સુધી ખેડૂતોને પ્રદર્શન કરવાનો અધિકાર છે.

સુપ્રીમ કોર્ટે પોતાની ટિપ્પણીમાં કહ્યું કે, પ્રદર્શન ચાલતુ રહેવું જોઈએ, પરંતુ રસ્તાઓ અવરોધિત ના થાય. પોલીસે પણ કોઈ કાર્યવાહી ના કરવી જોઈએ, વાતચીતથી ઉકેલ નીકાળવો જરૂરી છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કૉર્ટ તરફથી કહેવામાં આવ્યું કે, અમને કાલે ખબર પડી કે સરકાર વાતચીતથી ઉકેલ નથી લાવી શકી રહી. જેના પર સરકારે કોર્ટમાં જવાબ આપ્યો કે ખેડુતો 'હા અથવા ના'માં જવાબ માંગે છે અને ટસના મસ નથી થઈ રહ્યા. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટ દ્વારા સલાહ આપવામાં આવી કે કોઈ સમિતિની રચના થાય ત્યાં સુધી અને તેમાંથી કોઈ નિર્ણય ન આવે ત્યાં સુધી સરકાર તેનો કાયદો રોકી રાખે, પરંતુ છવ્એ તેનો ઈનકાર કર્યો હતો. છવ્એ દલીલ કરી હતી કે જો આવું થાય તો ખેડુતો આગળ વાત કરશે નહીં.

અરજદાર વતી હરીશ સાલ્વેએ દલીલોની શરૂ કરી હતી, તેમણે કહ્યું કે આ પ્રદર્શનને કારણે દિલ્હીની જનતાને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા બંધ થવાને કારણે શાકભાજીના ભાવ વધી રહ્યા છે, આવી સ્થિતિમાં આ યોગ્ય નથી. દિલ્હીના લોકો ગુરુગ્રામ-નોઈડામાં કામ કરવા જાય છે, જે તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે. વધુ સુનાવણીમાં મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે દિલ્હીને અવરોધિત કરવાથી દિલ્હીની જનતા ભૂખી થઈ જશે. જો કોઈ ચર્ચા કરવામાં નહીં આવે, તો ઉદ્દેશ પરિપૂર્ણ નહીં થાય.

સુપ્રીમ કૉર્ટમાં દિલ્હી સરકારે નારાજગી વ્યક્ત કરી. બીજી તરફ પંજાબ તરફથી પી. ચિદમ્બરમ હાજર રહ્યા. તેમણે કહ્યું કે, સુપ્રીમ કૉર્ટ કોઈ કમિટી બનાવે છે તો તેમને કોઈ વાંધો નથી. પંજાબ તરફથી કહેવામાં આવ્યું કે, ખેડૂતો ચૂપચાપ જંતર-મંતર જવા ઈચ્છતા હતા, આવામાં સરકારે તેમને કેમ રોક્યા? આ દરમિયાન કોર્ટે પૂછ્યું કે જો આટલી મોટી ભીડ શહેરમાં આવશે તો મુશ્કેલીઓ નહીં થાય? અદાલતે કહ્યું કે, લૉ એન્ડ ઑર્ડર કૉર્ટ ના જોઈ શકે. અદાલતે કહ્યું કે, ખેડૂતોના મંતવ્ય પછી તે કમિટીનું ગઠન કરશે, જેમાં એક્સપર્ટ હશે. હવે આગળના કેસની સુનાવણી વેકેશન બેંચ કરશે. આવતા અઠવાડિયે એકવાર ફરી આના પર સુનાવણી થશે, જેમાં બેંચ અને કમિટીને લઈને ચર્ચા થશે.

## હજુ ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં આવે: હવામાન વિભાગ

અમદાવાદ,

ઈશાન ભારતમાંથી આવતા ઠંડા પવનના કારણે ગુજરાતમાં શીતલહેર અનુભવાઈ રહી છે. બુધવારે ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન કચ્છ જિલ્લાના નલિયામાં આઠ ડિગ્રી સેલ્સિયશ નોંધાયુ હતું. આ ઉપરાંત આજે ગાંધીનગરમાં ૧૫ અને અમદાવાદમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં પણ છેલ્લા અઠવાડિયાથી તાપમાન ૧૬થી ૧૭



ડિગ્રી આસપાસ પહોંચ્યું છે. આ સાથે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૦ ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ સહિત ગુજરાતમાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, હજુ ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં આવે અને તે બાદ ઠંડીનો પારો વધારે ગગડવાની શક્યતા છે. રાજ્યમાં શરૂ થયેલા ઉત્તર-પૂર્વીય ઠંડા પવનની અસરથી રાજ્યનાં મોટાભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે. નલિયા ૮.૦ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતું.

(અનુ.પાના.નં.૨)

## દિલ્હી વિધાનસભામાં મુખ્યમંત્રી કેજરીવાલે કૃષિ કાયદાની કોપી ફાડી

ન્યુ દિલ્હી,

દિલ્હી વિધાનસભા સત્રમાં નવા કૃષિ કાયદાને લઈને સીએમ અરવિંદ કેજરીવાલે મોદી સરકાર પર જોરદાર પ્રહાર કર્યા. આ દરમિયાન કેજરીવાલે કૃષિ કાયદાની કૉપી પણ ફાડી. તેમણે કહ્યું કે, સરકાર હજુ કેટલા જીવ લેશે? અત્યાર સુધી ૨૦થી વધારે ખેડૂતો આ આંદોલનમાં શહીદ થઈ ચુક્યા છે. એક-એક ખેડૂત ભગત સિંહ બનીને આંદોલનમાં બેઠો છે. અંગ્રેજોથી પણ ખરાબ ના બને સરકાર. સીએમે કહ્યું કે, યોગી આદિત્યનાથે બરેલીમાં રેલી કરી અને ત્રણ બિલોના ફાયદા સમજાવવા લાગ્યા કે તમારી જમીન નહીં જાય, મંડી બંદ નહીં થાય.



કેજરીવાલે કહ્યું કે, ભાજપવાળા જણાવે કે આ કાયદાના ફાયદા શું છે? ભાજપવાળાઓને એક લાઈન ગોખાવી દેવામાં આવી છે કે, ખેડૂત દેશમાં ક્યાંય પણ પાક વેચી શકે છે. હવામાં વાત કરવાથી શું થશે? ખેડૂતોને નહીં ભાજપાઈઓને ભ્રમિત કરવામાં આવ્યા છે, ભાજપાઈઓને અફીણ ખવરાવી દેવામાં આવ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, સુપ્રીમ કૉર્ટમાં અમારા વકીલે કેન્દ્ર સરકારને જવાબદાર ગણાવી છે.

કોરોનાકાળમાં ઑર્ડિનેંસ પાસ કર્યુ? પહેલીવાર રાજ્યસભામાં વૉટિંગ વગર ૩ કાયદાને પાસ કરી દેવામાં આવ્યા? આ કાયદા ભાજપના ચૂંટણી ફંડ માટે બન્યા છે. સીએમે કહ્યું કે, દિલ્હી વિધાનસભા કેન્દ્રના કૃષિ કાયદાને ફગાવી રહી છે. કેન્દ્ર સરકાર અંગ્રેજોથી પણ ખરાબ ના બને અને કાયદા પાછા ખેંચે. દિલ્હી વિધાનસભામાં કૃષિ કાયદાઓને નિરસ્ત કરવાનો સંકલ્પ પત્ર સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, "ભાજપવાળા કહે છે કે, ખેડૂતો પોતાનો પાક આખા દેશમાં વેચી શકે છે. ધાન્યની **MSP 1868** રૂપિયા છે, આ બિહાર અને ઉત્તર પ્રદેશમાં ૯૦૦-૧૦૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. મને જણાવી દો કે આ ખેડૂતો દેશમાં પોતાનો પાક ક્યાં વેચીને આવ્યા છે?"

તેમણે કહ્યું કે, "કેન્દ્ર સરકાર કહી રહી છે કે ખેડૂતોને કૃષિ કાયદાના ફાયદા સમજમાં નથી આવી રહ્યા આ માટે પોતાના દિગ્ગજ નેતાઓને ઉતાર્યા છે. યોગી આદિત્યનાથ એક રેલીમાં કહી રહ્યા હતા કે આ કાયદાઓથી કોઈની જમીન નહીં જાય, આ ફાયદો છે શું? યોગી આદિત્યનાથજીને પણ નથી ખબર આ કાયદાનો ફાયદો. એ આખું ભાષણ હતુ કે ખેડૂતોને જણાવવાનું છે કે આ કાયદાના ફાયદા શું છે. ભાજપવાળાઓને અફીણ ખવરાવી દેવામાં આવ્યું છે.

## કોરોના કાળમાં વચ્ચે રાજ્યમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ આવ્યું

ગાંધીનગર,

કોરોના કાળમાં પણ ગુજરાતના ઉદ્યોગોનો ગ્રોથ અવિરત રહ્યો છે. આનો સંપૂર્ણ શ્રેય ગુજરાતના સીએમ મુખ્યમંત્રી તેમજ ઈન્ડસ્ટ્રી અને માઈન્સ વિભાગના એસીએસ મનોજ દાસને જાય છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ગુજરાતમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ આવ્યું છે. આ વિદેશી મૂડીરોકાણ એ સમગ્ર દેશના રાજ્યોએ મેળવેલા કુલ મૂડીરોકાણના ૫૩ ટકા છે. કોરોના સંક્રમણના સમયમાં પણ ગુજરાતે ઔદ્યોગિક વિકાસમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સિંહફાળો આપ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાતના વિદેશી રોકાણોમાં ૨૪૦%નો જંગી વધારો થયો છે, જે ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ છે. ચાલુ વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન ડીપીઆઈઆઈટી તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી મૂડીરોકાણ મેળવ્યું છે.

એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ (એએસઆઈ) અનુસાર ઔદ્યોગિક ઉત્પાદનની દ્રષ્ટીએ ગુજરાત ભારતના ઉત્પાદનમાં ૧૭.૫ ટકાના હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે. મનોજ દાસ (એસીએસ, ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન્સ) જણાવ્યુ કે, એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૨૩ ટકાથી વધારે નોંધાયો છે.

(અનુ.પાના.નં.૨)

## આગામી બે વર્ષોમાં ભારતમાં ટૉલ પ્લાઝા મુક્ત રસ્તાઓ બની જશે: ગડકરી

ન્યુ દિલ્હી,


દેશભરમાં વાહનોની સ્વતંત્રી અવરજવરને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યુ હતું કે, આગામી બે વર્ષોમાં ભારતમાં ટોલ પ્લાઝા મુક્ત રસ્તાઓ બની જશે. જેના માટે સરકારે ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમને અંતિમ રૂપ આપવાનો નિર્ણય કર્યો છે. ગુરૂવારે કેન્દ્રીય મંત્રીએ કહ્યુ હતું કે, આગામી બે વર્ષમં વાહનોનો ટોલ ફક્ત આપના લિંક્ડ બેંક ખાતામાંથી જ કપાઈ જશે.

ASSOCHAM ફાઉંડેશનના વીક કાર્યક્રમમાં વાતચીત કરતી નીતિન ગડકરીએ કહ્યુ હતું કે, રશિયા સરકારની મદદથી આપણે જીપીએસ સિસ્ટમને ફાઈનલાઈઝ્ડ કરી લઈશું. જે બાદ આગામી બે વર્ષમાં ભારતમાં ટોલ નાકા મુક્ત દેશ થઈ જશે.

આપને જણાવી દઈએ કે, આ સમયે દેશમાં તમામ કોમર્શિયલ વાહન ટ્રેકિંગ સિસ્ટમથી લેસ છે. તો વળી સરકાર પણ તમામ જૂના વાહનોમાં GPS સિસ્ટમ ટેક્નોલોજી લગાવવા માટે ઉતાવળ કરી રહી છે.

GPS ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા બાદ ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગની ટોલ આવકમાં

(અનુ.પાના.નં.૨)


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. એમ. ભાભોર
મુ. પરથમપુર,
તા. સંતરામપુર


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. એન. પટેલ
મુ. મોલારા,
તા. સંતરામપુર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## ના.મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા કડાણા-સંતરામપુર તાલુકાના

# પૂલો-રસ્તાઓ-મકાનોના વિકાસ કામોનું લોકર્પણ અને ખાતમુર્હૂત

લુણાવાડા, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલે પ્રજાના પ્રેમ અને વિશ્વાસથી રાજય સરકાર સતત વિકાસ યાત્રાને આગળ ધપાવી રહી હોવાનું જણાવી દાયકાઓ જૂની સમસ્યાઓ જયારે પૂરી થતી હોય ત્યારે તેનો સવિશેષ આનંદ થતો હોવાનું કહ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલે આજે મહીસાગર જિલ્લાના કડાણા ખાતે કડાણા-સંતરામપુર તાલુકાના અંદાજે રૂા.૮૩ કરોડથી પણ ખર્ચે નવનીર્મિત અને નિર્માણ પામનાર પુલો-રસ્તાઓ અને મકાનોનું લોકાર્પણઅને ખાતમુર્હૂત કરતાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશના કિસાનોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી થાય તે માટેનું ભગીરથ કાર્ય ઉપાડવાની સાથે કિસાન સન્માન નીધિ યોજના અંતર્ગત રૂા.છ હજાર કેન્દ્ર સરકાર દ્વારા સીધા કિસાનોના ખાતામાં આપી દીધા હોવાનું કહ્યું હતું.

કિસાનો માટે ફાયદાકારક એવા કૃષિ કાયદાનો ઉલ્લેખ કરતાં કિસાનો અને આદિવાસી સમાજના યુવાનોને ઉશ્કેરવા માટે કેટલાંક પરિબળો ઝેર રેડવાનું કામ કરી રહ્યા છે ત્યારે તેવા ઉશ્કેરણીજનક તત્વોથી ચેતતા રહેવાનું કહ્યું હતું.

અગાઉની કોંગ્રેસની સરકારના રાજમાં આદિવાસીઓના ઉત્થાન અને ઉત્કર્ષ માટે ઉદાસીનતા દાખવવામાં આવતી હતી જેના કારણે આદિવાસી સમાજનો જે વિકાસ થવો જોઇએ તેવો વિકાસ થઇ શકયો ન હોવાનું જણાવી રાજય સરકાર માટે પ્રજા-પ્રજા અને પ્રજા એજ અમારૂં કર્તવ્ય અને કર્મ હોવાનું કહ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રીએ કોંગ્રેસની સરકારોમાં તિજોરીમાં મોટા મોટાં બાકોરા પાડવામાં આવ્યા હતા તે બાકોરા અમારી સરકારએ પૂરી દેવાનું કામ કરીને પ્રજાહિતના અને પ્રજાકીય વિકાસ કામો કરી પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો હોવાનું જણાવી સરકારની આ વિકાસ યાત્રામાં પોતાની



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ભાગીદારી કરી જોડાઇ જવા અનુરોધ કર્યો હતો.

સરકાર દ્વારા વિકાસની યાત્રા વણથંભી ચાલતી જ રહેવાનો ઉલ્લેખ કરી હાલ રાજયમાં માર્ગ-મકાનના ૧૫ હજાર કરોડથી વધુના કામો ચાલી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરે અગાઉની કોંગ્રેસની સરકારોમાં જનતાના કામો થતા નહોતા. જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં આદિવાસી સમાજના વિકાસ માટેની યાત્રા તેજ ગતિએ આગળ ધપી રહી છે. તેટલું જ નહીં પણ વિકાસના દ્રઢ સંકલ્પ તથા સૌનો સાથ-સૌનો વિકાસ મંત્રને સાચા અર્થમાં ધરતી ઉપર ઉતારવાનું કામ કર્યું હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં આદિવાસી વિસ્તારોમાં વધુ સારીમેડીકલ સેવાઓ પણ ઉપલબ્ધ થઇ છે. રાજય સરકાર પ્રજાની આશા-અપેક્ષા પૂર્ણ કરવા સરકાર હંમેશાં તત્પર હોવાનું જણાવી વર્તમાન મહામારીના સમયમાં આરોગ્ય વિભાગની કામગીરીનો ઉલ્લેખ કરી આરોગ્ય સેવાઓને બિરદાવી હતી.

આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોરએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં ભૂતકાળની કોંગ્રેસની સરકારોમાં આદિવાસી વિસ્તારોમાં વિકાસ થતો ન હોવાનો ઉલ્લેખ કરી આજે આદિવાસી વિસ્તારોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારોમાં આજે વિકાસના અનેક કામો થવાની સાથે આદિવાસી વિસ્તારોની કાયાપલટ થઇ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે જે વિકાસ કામોના લોકર્પણ-ખાતમુર્હૂત કરવામાં આવ્યા તેમાં સંતરામપુર-ઝાલોદ-કુશલગઢ રસ્તાનું કામ, સંતરામપુર-કડાણા-ડુંગરપુર રોડ ઉપર મહી નદી પર રૂા.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત મોટો પુલ, કડાણા ખાતે બે હજાર મે. ટન કેપેસીટીનું ગોડાઉન, સંતરામપુર ખાતે રેસ્ટહાઉસ, ભમરીકુંડા-માનગઢ હીલ માર્ગ, રામપુર નટવા બાબરોલ મોટા સરણૈયા રોડને પહોળો કરવાનું કામ, મોટા સરણા નદી પર મહીસાગર સંતરામપુર તાલુકા અને ફતેપુરા તાલુકાના બારીયાની હાથોડ-દાહોદ જિલ્લાની હદ સીમાડાને જોડતા પુલનું, લુહારના મુવાડા સીમથી લીંભોલા હદ પરબત પુરને જોડતો રસ્તા અને કડાણા તાલુકાના મોટીરાઠથી રોયણિયા રાઠડા બેટને જોડતા નદી પર પુલ અને રસ્તાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સંતરામપુર તાલુકાના ભાણાસીમર-૧ અને બારેલાના પેટા આરોગ્ય કેન્દ્રના ખાતમુર્હૂત જયારે કડાણા તાલુકાના દધાલિયા, રોહિણીયા પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ સરસવા(ઉ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૫૮ પોઝીટીવ કેસ

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૭-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૮૫૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાયમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૧૭૪૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૯૯૪૭૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૩૧ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૩ દર્દી લુણાવાડા (CCC), ૦૭ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૭ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

(પાન નં.૧ નું ચાલુ)

### હજુ ત્રણ દિવસ તાપમાનમાં.....

૧૨ શહેરોમાં ઠંડીનો પારો ૧૪ ડિગ્રીથી નીચે નોંધાયો છે. શહેરમાં વહેલી સવારથી ૧૦થી ૧૫ કિલોમીટરની ગતિએ ફૂંકાયેલા પવનથી આખો દિવસે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો.

આગામી દિવસોમાં ઉત્તર-દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ઠંડીનું જોર વધવાની શક્યતા છે.અમદાવાદનું મહત્તમ તાપમાન ૩ ડિગ્રી ગગડીને ૨૬.૬ અને લઘુતમ તાપમાન ૧ ડિગ્રી ગગડીને ૧૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે, ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી, વડોદરામાં ૧૬.૪, ડીસામાં ૧૨.૬, કંડલા એરપોર્ટ પર ૧૨.૫, અમરેલીમાં ૧૩.૮, દ્વારકામાં ૧૫.૮, રાજકોટમાં ૧૦.૪ અને વેરાવળમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ઉત્તર ભારતની વાત કરીએ તો, કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા વધતા હવે તેની અસર ઉત્તર ભારતની સાથે પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતમાં પણ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે કાશ્મીરના ગુલમર્ગમાં તાપમાન માઇનસ ૧૦ ડીગ્રીથી નીચું રહ્યું હતું. બુધવારે ગુલમર્ગનું તાપમાન માઇનસ ૧૧.૭ ડીગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં તાપમાન ૫.૮ ડીગ્રી નોંધાતા લોકો ઠુંઠવાયા હતા.

### કોરોના કાળમાં વચ્ચે રાજ્યમાં.....

જ્યારે ગુજરાતના બંદરો ભારતના કુલ ૪૦ ટકા કાર્ગોનું વ્યવસ્થાપન કરે છે, જે રાજ્ય સરકારની ઇન્ડસ્ટ્રીયલ સહિતની મહત્ત્વની નીતિઓના કારણે આ શક્ય બન્યું છે.

આંકડાઓ પ્રમાણે ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ (આઇઇએમ) ફાઇલ કરવામાં અને ૨૦૧૯માં નોંધાયેલા વાસ્તવિક રોકાણમાં ગુજરાત આજે પ્રથમ સ્થાને છે. વધુ માહિતી આપતા મનોજ દાસે જણાવ્યું કે- ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (ડીપીઆઇઆઇટી)ના આંકડા પ્રમાણે ભારતમાં મૂલ્યના સંદર્ભમાં આઇઇએમ ફાઇલ કરવામાં અને વર્ષ ૨૦૧૯માં ૪૯ બિલિયન યુએસ ડોલરના પ્રસ્થાવિત રોકાણ સાથે ગુજરાતે ૫૧ ટકા હિસ્સો હાંસલ કર્યો છે. જ્યાં ભારતવર્ષમાં ૨૦૧૯માં પ્રસ્તાવિત રોકાણોમાં ૪૮ ટકાનો વધારો નોંધાયો છે ત્યાં ગુજરાતમાં પાછલા વર્ષ કરતાં ૩૩૩ ટકાની વૃદ્ધિ નોંધાઇ છે. ગુજરાતમાં વર્તમાન સમયમાં લગભગ ૧૦૦ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ છે.

### આગામી બે વર્ષોમાં....

પાંચ વર્ષમાં ૧.૩૪ ટ્રિલિયન સુધી વધી જશે. ટોલ સંગ્રહ માટે જીપીએસ ટેકનિકનો ઉપયોગ કરવાની છૂટ આપી છે. આશા છે કે, આગામી પાંચ વર્ષમાં આપણી ટોલ આવક ૧,૩૪,૦૦૦ કરોડ રૂપિયા હશે.

સરકાર દેશભરમાં વાહનોની સ્વતંત્ર અવરજવર બનાવવા માટે આ ખાસ પગલુ ભરી રહી છે. છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારે દેશના તમામ ટોલ પ્લાઝા પર ફાસ્ટૈગ અનિવાર્ય કરી દીધુ છે. ફાસ્ટૈહની અનિવાર્યતા બાદ ઈંધણનો વપરાશ પણ ઓછો થાય છે. જેનાથી પ્રદૂષણ પર પણ લગામ લગાવી શકાય છે.


બોર પ્રાથમિક શાળા તા.વિરપુર શાળા સ્ટાફ અને આચાર્ય જે.કે.પરમાર દ્વારા તાલુકા પંચાયત, શિક્ષણ શાખામાંથી મળેલ સૂચના અન્વયે ૫૦ વર્ષ થી વધુ ઉંમરના વ્યક્તિઓને કોરોના વેક્સિન મુકવા માટે આગોતરી તૈયારી ના ભાગરૂપે સર્વે હાથ ધરવામાં આવેલ છે. જેમા તમામ ફળિયાનો રૂબરૂ સંપર્ક કરી માહિતિ એકઠી કરવામાં આવી રહી છે.

## લુણાવાડા નગરમાં બિલ્ડિંગો, ખાનગી હોસ્પિટલો અને શાળાઓમાં ફાયર સેફટીનો અભાવ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં ખાનગી હોસ્પિટલ, બિલ્ડિંગો અને શાળાઓમાં ફાયર સેફટીનો અભાવ જોવા મળે છે. લુણાવાડા નગરપાલિકા દ્વારા કોઈ જ પ્રકારનુ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ નથી. અહિં રાજકોટ અગ્નિકાંડ જેવી દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

લુણાવાડા શહેર એટલે સ્કુલ-કોલેજ અને હોસ્પિટલોના વ્યવસાયથી ધમધમી રહ્યુ છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં મસમોટા કોમ્પલેક્ષો વિપુલ પ્રમાણમાં આવેલા છે. પરંતુ શહેરમાં મોટાભાગના કોમ્પલેક્ષ અને શાળાઓ તેમજ ખાનગી હોસ્પિટલોમાં ફાયર સેફટીના સાધનોનો અભાવ જોવા મળ્યો હતો. કોઈપણ પ્રકારે લોકોની સુરક્ષા માટે દયાન રાખવામાં આવ્યુ નથી. ભીડભાડવાળી જગ્યાઓ ઉપર પણ ફાયર સેફટી વગર હોસ્પિટલો ધમધમી રહ્યા છે. આવા સમયે જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો મોટી જાનહાનિ થઈ શકે તેમ છે. છતાં પણ આજદિન સુધી લુણાવાડા નગરપાલિકા દ્વારા શહેરમાં કયારેય ફાયર સેફટી વગર ધમધમી રહેલા બિલ્ડિંગોના માલિકો, શાળાઓ, હોસ્પિટલો, સહિત અનેક પ્રકારના એકમો સામે કાર્યવાહી કરશે કે કેમ ? તેવા લોકોમાં સવાલો ઉઠવા પામ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૮-૧૨-૨૦૨૦, શુક્રવાર, નિજ માગશર સુદ-૪, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૮-૦૯, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: શ્રવણ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૨૨ થી અભિજીત-૧૩-૦૫ સુધી, ૭-૨૨ થી ચલ-લાભ-અમૃત-૧૧-૨૩ સુધી, ૧૨-૪૪ થી શુભ-૧૪-૦૪ સુધી, ૧૭-૪૫ થી ચલ-૧૮-૦૬ સુધી, ૨૧-૨૫ થી લાભ-૨૩-૦૪ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૨ થી ૧૦-૦૩ સુધી, ૧૦-૫૬થી ૧૧-૫૦ સુધી, ૧૩-૩૭થી ૧૭-૨૮ સુધી, ૧૭-૧૨ થી ૧૮-૦૬ સુધી |

# ભારત બાયોટેકે બનાવેલી સ્વદેશી વેક્સિનની પહેલી ટ્રાયલ સફળ

ન્યુ દિલ્હી, ભારત બાયોટેકની સ્વદેશી કોરોના રસી કોવેક્સીનના પ્રથમ ફેઝના ક્લિનિકલ ટ્રાયલમાં મજબૂત ઈમ્યુન રિસ્પોન્સ જોવા મળ્યો છે. ટ્રાયલ દરમિયાન આ વેક્સીનનું કેટલાક વોલન્ટિયર પર ટ્રાયલ કરવામાં આવ્યું હતુ અને તેમનામાં કોઈ આડઅસર જોવા મળી નથી. પ્રથમ તબક્કાના ક્લિનિકલ પરીક્ષણના વચગાળાના પરિણામોથી ખ્યાલ આવ્યો છે કે



તમામ વયુજૂથના લોકો પર આ વેક્સીનની પ્રતિકૂળ અસર અથવા ગંભીર અસર જોવા મળી નથી. વિદેશી પોર્ટલ મેડઆરએક્સઆઈવીએ દાવો કર્યો છે કે ભારતની સ્વદેશી વેક્સીન સંપૂર્ણ રીતે અસરકારક છે. ભારત બાયોટેકની આ રસીના પ્રથમ તબક્કાનું ક્લિનિકલ પરીક્ષણ સપ્ટેમ્બરમાં પૂર્ણ થયું હતું, જેના પરિણામો હવે સાર્વજનિક કરવામાં આવ્યા છે.

૨૦૨૦નું વર્ષ પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યું છે અને સાથે જ કોરોના વાયરસ સામેનો જંગ હજી પણ ચાલુ છે. રસીને લઈને સકારાત્મક અહેવાલો મળી રહ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી ભારત બાયોટેક દ્વારા વિકસાવવામાં આવેલી સ્વદેશી કોવિડ ૧૯ વેક્સીન ‘કોવેક્સીન’ના પ્રથમ તબક્કાના ક્લિનિકલ ટ્રાયલના વચગાળાના પરિણામો પરથી ખ્યાલ આવ્યો છે કે આ રસીથી તમામ વયજૂથના લોકો પર કોઈ આડઅસર નથી જોવા મળી. આ રસી સારી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

ટ્રાયલ્સમાં ફક્ત એક ગંભીર મામલો સામે આવ્યો હતો. એક વોલન્ટીયરને ૩૦ જુલાઈએ રસી આપવામાં આવી હતી. પાંચ દિવસ બાદ તેનામાં કોવિડ ૧૯ના લક્ષણો જોવા મળ્યા હતા. સાર્સ-કોવ૨થી તે સંક્રમિત થયો હોવાનું જણાયું હતું. જો કે આ હળવા લક્ષણો હતા અને દર્દીને ૧૫ ઓગસ્ટના હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ન્યૂક્લિક એસિડ પરિણામ નેગેટિવ આવ્યા બાદ વોલન્ટિયરને ૨૨ ઓગસ્ટના હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ રસીના પરીક્ષણ માટે ૧૧ હોસ્પિટલમાં અલગ અલગ સ્થળે ૩૭૫ વોલન્ટીયરોને રસીનો ડોઝ આપવામાં આવ્યો હતો.

મેડઆરએક્સઆઈવી પોર્ટલના પર જાહેર ડેટા મુજબ આ રસીથી એન્ટીબોડી વિકસી છે. નિષ્ણાતો દ્વારા ઔપચારિક રીતે આ રિપોર્ટનું મૂલ્યાંકન કરાય તે પૂર્વે તેને જાહેર કરી પોર્ટલ પર મૂકવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ ફક્ત એક કેસમાં ગંભીર અસર જણાઈ હતી પરંતુ તેને રસીકરણથી જોડવામાં નથી આવ્યો.

કોવેક્સીનની સુરક્ષા અને પ્રભાવના આકલન માટે પ્રથમ તબક્કાનું ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યું હતું. ડોક્યુમેન્ટ મુજબ આ વેક્સીનને બે ડિગ્રી સેલ્સિયસથી આઠ ડિગ્રી સેલ્સિયસ વચ્ચેના તાપમાન પર રાખવામાં આવી. રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આ જ તાપમાન પર અલગ-અલગ રસીને રાખવામાં આવે છે.

# દેશમાં કોરોના કેસનો આંકડો ૧,૦૦,૦૦,૦૦૦ની નજીક

ન્યુ દિલ્હી, દેશમાં કોરોનાના કેસોમાં આંશિક ઘટાડો નોંધાયો છે. વિતેલા ૨૪ કલાકમાં નવા પોઝિટિવ કેસો ૨૪,૦૧૦ નોંધાયા છે તેમજ વધુ ૩૫૫ દર્દીનાં મોત થયા હોવાનું જણાયું છે. છેલ્લા થોડાક દિવસમાં ૨૪ કલાકમાં સંક્રમિત લોકોની સંખ્યા ૩૦ હજારથી નીચે નોંધાઈ છે. આ ઉપરાંત એક્ટિવ કેસોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૪,૦૧૦ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૫૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૯,૫૬,૫૫૭ થઈ ગઈ છે.

દેશમાં કરોનાની મહામારી સામે લડીને ૯૪ લાખ ૮૯ હજાર ૭૪૦ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૩,૨૯૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩,૨૨,૩૬૬ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૪૪,૪૫૧ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

આઇસીએમઆરએ ગુરૂવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૭ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૫,૭૮,૦૫,૨૪૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ રવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૧૧,૫૮,૯૬૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૫.૩૧ ટકા રહ્યો છે જ્યારે મૃત્યુદર ૧.૪૫ ટકા નોંધાયો છે.

## કોરોના સંકટ: ગરીબોને બચાવવા ભારત, વિશ્વ બેંક વચ્ચે કરાર

ન્યુ દિલ્હી, કોરોના વાઈરસ (કોવિડ-૧૯) જાગતિક મહાબીમારીએ સર્જેલા સંકટને કારણે મુસીબતમાં આવી ગયેલા ભારતના ગરીબ અને નિર્બળ લોકોને મદદરૂપ થવા, એમનું રક્ષણ કરવા માટે ભારત સરકારે વર્લ્ડ બેંક સાથે ૪૦ કરોડ ડોલરનો એક કરાર કર્યો છે. આ કરાર પર ભારત સરકાર વતી આર્થિક બાબતોના વિભાગના અધિક સચિવ ડો. સી.એસ. મોહાપાત્ર અને વિશ્વ બેંક વતી કાર્યવાહક કન્ટ્રી ડાયરેક્ટર (ભારત) સુમિલા ગુલ્યાનીએ હસ્તાક્ષર કર્યા છે. વિશ્વ બેંકે સહાયતા માટે હાથ ધરેલી બે-ચરણની શ્રેણીમાં આ બીજું ચરણ છે. પહેલા ચરણમાં ગયા મે મહિનામાં ૭૫ કરોડ ડોલર મંજૂર કરવામાં આવ્યા હતા. હવે બીજા ચરણમાં ૪૦ કરોડ ડોલરની ક્રેડિટ વર્લ્ડ બેંકની પેટા-સંસ્થા ઈન્ટરનેશનલ ડેવેલપમેન્ટ એસોસિએશન તરફથી આપવામાં આવી છે.

## દૈનિક રાશીફળ

તા.૧૮.૧૨.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન પુરૂષાર્થનુ ફળ મળવાની નવી યોજનામાં ઈન્ટરનેટની મદદ મળે કર્જમાં રાહત.

વૃષભ(બ.વ.ઉ.) :- પરીવારના સભ્યો સાથે ભેદરેખા ઉભી ન થાય તેનુ ધ્યાન રાખજો મિલકતના પ્રશ્નો ઉભા થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલ વર્ગ માટે ગેર સમજો ટાળજો પ્રવાસની ઈચ્છા ફળે નોકરીમાં કાર્યભારનો સામનો રહે.

કર્ક(ડ.હ.) :- ભાગીદારો સાથે આત્મીયતા કેળવવી પડે નવી યોજનાની ચર્ચા વિચારણા થાય રાજકીય લાભ રહે.

સિંહ(મ.ટ.) :- આરોગ્ય બાબતે સુધારો થતો અનુભવાશે નોકરીની ઓફર આવેલ ટેકનીકલ લાઈનથી લાભ.

કન્યા(પ.ઠ.ણ.) :- અહંકારથી દુર રહેજો ઉપરી વર્ગ સાથે મતભેદ ટાળવા વીદેશથી નાણાકીય લાભો મળવાના.

તુલા(ર.ત.) :- વાદ વિવાદોથી દુર રહેજો નોકરીમાં લાભ રહે ઉત્સાહ જાળવી રાખજો અચાનક લાભ થવાથી પ્રવાસ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- સમસ્યાઓનુ સમાધાન થવાનુ છે શારિરીક દ્રષ્ટિએ દિવસ સારો રહેવાનો નોકરીમાં બદલીના ચાન્સ રહે આર્થીક લાભ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નોકરીમાં લાભ રહે સંબધીઓનો સાથ સહકાર સારો રહે ધાર્મીક યાત્રા પ્રવાસની ઈચ્છા ફળવાની વીદેશથી લાભ.

મકર(ખ.જ.) :- મિત્રો સાથે વ્યસાયનુ આયોજન શકય બનવાનુ મિલકતની ખરીદી કે વેચાણના પ્રશ્નોમાં લાભ રહે પ્રવાસ થાય.

કુંભ(ગ.શ.સ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના તબીયત બાબત સુધારો રહે શેર સટામાં સાવધાની રાખવી.

મીન(દ.ચ.ઝ.) :- વિનમ્રતા રાખવાની સલાહ છે. અધિકારીઓ સાથે મહત્વની ચર્ચા વિચારણા સફળ થાય વિદેશથી લાભ રહે.

# દાહોદ બસ સ્ટેશનમાં ગંદકી અહેવાલની અસર દેખાતી તંત્ર દ્વારા સાફ સફાઈ કરાવાઈ

દાહોદ,

દાહોદ શહેરના બસ સ્ટેશનની અત્યંત ગંદકીના ઉચ્ચ સ્તરીય પડઘા કલેક્ટર થી લઈ દાહોદ નગરપાલિકા સુધી પડતાં આજરોજ તાબડતોડ દોડી ગયેલા વહીવટી તંત્રના સત્તાધિશોના કામદારો મારફતે આ બસ સ્ટેશનની તાત્કાલિક સાફ સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. મુસાફરો તેમજ અવર જવર કરતાં લોકોની જરૂરીયાતોને પણ ખાસ ધ્યાન રાખવામાં હાલ આવી રહ્યું છે ત્યારે આ દેર આયે દુરસ્ત આયે જેવો ઘાટ પણ સર્જાયો છે. હાલ દાહોદ બસ સ્ટેશનમાં જે.સી.બી. મશીન વિગેરે યંત્રો વડે સાફ સફાઈની પુરજોશમાં કામગીરી ચાલી રહી છે.

સ્માર્ટ સીટી અંતર્ગત દાહોદ શહેરમાં વિકાસના નામે માત્ર વાતો થતી હોય તેમ પ્રતિત થઈ રહ્યું હતું અને બીજી તરફ અત્યંત દયનીય અને કફોડી હાલતમાં નર્કાગાર સમાન બની રહેલ દાહોદ બસ સ્ટેશનમાં હરહંમેશ બારેમાસ ગંદકીનું સામ્રાજ્ય નજરે પડતું હતું. આ ગંદકી અને મુસાફરોની અસુવિધાઓને ધ્યાનમાં લઈ સમાચાર પત્ર દ્વારા તારીખ ૧૫મી ડિસેમ્બરના રોજ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ પ્રકાશિત થતાં જાણે ઘોર નિંદ્રામાં મશગુલ તંત્રની ઓચિંતી આંખ ભર નિંદ્રામાંથી ખુલી ગઈ હતી અને આજરોજ આ બસ સ્ટેશનમાં સાફ સફાઈ સહિતની કામગીરી આરંભ કરી દેવામાં આવી છે. ખરેખર જો સમાચાર પત્રોમાં પ્રકાશિત થયાં બાદ જ જો તંત્રની આંખ ઉઘડી હોય તો આ એક શરમજનક બાબત છે. સ્માર્ટ સીટી તરફ આગેકુચ કરી રહેલ દાહોદ શહેરના સાચા અર્થમાં સ્માર્ટ બનાવવા સત્તાધિશોને પોતાની જવાબદારીનું ભાન હોવું પણ અત્યંત જરૂરી છે. પોતાની નહીં પરંતુ પ્રજાની સુખાકારી માટે દાહોદને સ્માર્ટ સીટી બનાવવા તરફ કાર્ય કરવાની પણ બુમો છડેચોક ઉઠવા પામી છે. દાહોદમાં બસ સ્ટેશન જેવા તો અનેક નજરાઓ છે જ્યા ગંદકી, લોકોને પડતી વિવિધ મુશ્કેલીઓ, પ્રજાના સળગતાં પ્રશ્નો વિગેરે તરફ પણ વહીવટી તંત્ર ધ્યાન આપે તે આજના સમયની માંગ છે. બીજી તરફ દાહોદ શહેરના ઈન્દૌર હાઈવે રોડ ખાતે આવેલ ડમ્પીંગ યાર્ડ તરફ પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આ ઈન્દૌર નેશનલ હાઈવે પર આવેલ ડમ્પીંગ યાર્ડની બહાર પણ ભારે કચરો જોવા મળી રહ્યો છે. દાહોદ શહેરનો કચરો આ ડમ્પીંગ યાર્ડમાં ખસેડવામાં આવે છે પરંતુ ઘણીવાર આ ડમ્પીંગ યાર્ડમાં કચરો નાંખવાની જગ્યાએ કેટલીક નગર પાલિકાની કચરો ઉઠાવતી ગાડીઓ આ કચરો રસ્તાની સાઈડમાં જ નાંખી દઈ જતી રહે છે જેનાથી આ કચરો રસ્તાની વચ્ચો વચ્ચ પણ જોવા મળે છે. આ ડમ્પીંગ યાર્ડની પાછળ આવેલ નવીન રહેણાંક સોસાયટીઓ બની છે. આ રહેણાંક સોસાયટીના રહીશો પણ આ ડમ્પીંગ યાર્ડના કચરાથી ભારે હેરાન પરેશાન થઈ ગયા છે. ચોમાસામાં તો આ ડમ્પીંગ યાર્ડના કચરાનું પાણી નજીકની સોસાયટીના મકાનોમાં પણ ભરાઈ જતાં હોય છે અને રસ્તા ઉપર પણ ભારે કચરો અને પાણી ફેલાઈ જાય છે. આ ડમ્પીંગ યાર્ડને આ સ્થળેથી હટાવવવામાં આવે તેવી અહીંના સોસાયટીની અંદરખાને માંગ ઉઠવા પામી છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ ઈન્દૌર હાઈવે સ્થિત આવેલ ડમ્પીંગ યાર્ડ તરફ પણ ધ્યાન કેન્દ્ર કેન્દ્રીંત કરે અને ત્યાના રહીશોની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખે તે અત્યંત આવશ્યક છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે એક સાથે ૧૬ કોરોના પોઝીટીવ દર્દીઓનો વધુ સમાવેશ થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૪૪૫ને પાર થઈ ચુક્યો છે. હવે ધીરે ધીરે કોરોના શહેરી વિસ્તારો સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૫૧ પૈકી ૧૧ અને રેપીટ ટેસ્ટના ૧૧૧૨ પૈકી ૦૫ મળી આજે કુલ ૧૬ કોરોના દર્દીઓ સામે આવ્યા છે. આ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૨, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૪, સીંગવડમાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે સાથે દરરોજ ઘણા દર્દીઓ આ કોરોના સંક્રમણથી સાજા થતાં તેઓને રજા આપવાની કામગીરી પણ હોસ્પિટલ સત્તાધિશો દ્વારા કરવામાં આવી રહી છે. આજે વધુ ૧૨ દર્દીઓએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લીધી હતી. આ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૧૯ રહેવા પામી છે અને અત્યાર સુધી કોરોનાથી મૃતકોની સંખ્યા વધીને ૮૯ થઈ ગઈ છે.

## ઘોઘંબા તાલુકા કોંગ્રેસ સમનવય સમિતિની મીટીંગ મળી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા કોંગ્રેસની સમનવય સમિતિની મીટીંગ સફળતા પૂર્વક મળેલ જેમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીમાં પક્ષ સફળતા મેળવે તે સંકલ્પ સાથે ઉપસ્થિત સૌ હોદેદારો – અગ્રગણ્યો કાર્યકરો વિગેરે નિષ્ઠા પૂર્વક નિર્ણય કરેલ.

જિલ્લા સંયોજકો તાલુકા સંયોજકો જનમિત્રોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ અને પંચમહાલ જિલ્લાના પ્રભારી ચંદ્રિકાબેન બારીયા, બાલાસિનોરના ધારાસભ્ય અને પંચમહાલ જિલ્લાના પ્રભારી અજીતસિંહ ચૌહાણ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી, માજી મંત્રી ઉદેસિંહ બારીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી અને ઘોઘંબા તાલુકાના પ્રભારી રફિકભાઈ તિજોરી વાલા, કલોલ વિધાનસભાના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ પરમાર, ઘોઘંબા તાલુકાના પ્રમુખ ચેતનસિંહ પરમાર, કાલોલ તાલુકા પ્રમુખ નરવતસિંહ પરમાર, પંચમહાલ જિલ્લા એસ.સી. સેલના પ્રમુખ રાજેશભાઈ હડીયલ, પંચમહાલ જિલ્લા સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ કો–ઓર્ડીનેટર સાજીદ વલી, પંચમહાલ જીલ્લા આદિવાસી મોરચાના પ્રમુખ ગુલસિંહભાઈ રાઠવા, કિરપાલભાઈ રાઠોડ, સંજયભાઈ સોલંકી, ભવનસિંહ પટેલ, મહિલા કોંગ્રેસના આગેવાન સંગીતાબેન બામણીયા, ગોધરા કોંગ્રેસના આગેવાન મહેફુઝ પટેલ, યુથ કોંગ્રેસના પ્રમુખ અર્જુનસિંહ, હરિવદનભાઈ કાળુભાઈ સહિત વિવિધ સેલ સંગઠનના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલમાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૫૬૩

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૫૬૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૧૩, હાલોલ–૦૪, કાલોલ–૦૩, શહેરા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૫૩.
- મૃત્યુ આંક - ૧૨૬.

## ગરબાડામાં માસ્ક વગર ફરતા ૭ લોકોને ઝડપી દંડ વસુલવામાં આવ્યો



ગરબાડા,

દેશમાં કોરોના મહામારી ચાલી રહી છે. ત્યારે કોરોના વાયરસથી સાવચેતીના ભાગરૂપે Covid - 19 અંગે સરકારે જાહેર કરેલ ગાઈડલાઈન મુજબ ગરબાડા નગરમાં ગરબાડા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર, તલાટી, સરપંચ તેમજ ગરબાડા PSI સહિતની ટિમ દ્વારા આજરોજ બપોરના સમયે ગરબાડા નગરના મેઈન બજાર વિસ્તાર, બસ સ્ટેશન વિસ્તાર, આઝાદ ચોક વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગરબાડા નગરમાં માસ્ક પહેર્યા વગર ફરતા ૭ લોકો ચેકીંગ દરમ્યાન ઝડપાઈ જતા મામલતદાર સહિતની ટિમ દ્વારા તેમની પાસેથી રૂા.૧૦૦૦/– લેખે કુલ રૂા. ૭૦૦૦/– નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

## ગરબાડાના દેવધા ગામે MP થી ચોખા ભરી આવતી ટ્રક ખાડામાં ઉતરી જાનહાનિ ટળી



ગરબાડા,

મધ્યપ્રદેશ તરફથી ચોખા ભરીને દાહોદ તરફ જતી લોડેડ ટ્રક આજરોજ સવારના સમયે ગરબાડા તાલુકાના દેવધા ગામે રોડ ઉપરથી નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. જાણવા મળ્યા મુજબ સામેથી આવતા વાહનને બચાવવા જતા આ ચોખા ભરેલી ટ્રક રોડ ઉપરથી નીચે ખાડામાં ઊતરી ગઈ હતી. આ ઘટનામાં કોઈને કોઈપણ જાતની ઈજાઓ કે કોઈ જાનહાની થઈ ન હતી તેમજ ટ્રકને પણ કઈ ખાસ નુકશાન થયું ન હતું. આ ઘટનાની જાણ ગરબાડા પોલીસને થતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. જોકે સાંજના સમયે આ ટ્રકમાંથી ચોખાની ગુણો અન્ય ટ્રકમાં ભરવામાં આવી હતી.

# દાહોદ જીલ્લા પોલીસ દ્વારા ૩૧ ડિસેમ્બરમાં દારૂ ન ઠલવાય તે માટે બન્ને બોર્ડર ઉપર ચેકીંગ

દાહોદ,

મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડરની વચ્ચે આવેલ દાહોદ જિલ્લાની પોલીસ દ્વારા આ બંન્ને સરહદો પર છેલ્લા બે – ત્રણ દિવસથી ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યાં દારૂબંધીનો કાયદો અને વ્યવસ્થા સચવાય રહે તેવા હેતુસર દાહોદ જિલ્લા પોલીસ દ્વારા વાહનોની પણ ભારે ચેકીંગ હાથ ધરવામાં આવી રહી છે.

થર્ટી ફસ્ટની પાર્ટીમાં બુટલેગરો અને વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો પણ સક્રિય બન્યા છે અને બુટલેગરો દ્વારા રોકડી કરી લેવાના ઈરાદે દાહોદ જિલ્લામાં વિદેશી દારૂનો જથ્થો મોટી માત્રામાં ઠાલવવાના પ્રયાસોમાં પણ લાગી રહી છે. દાહોદ જિલ્લા મારફતે ગુજરાતમાં દારૂ પહોંચાડવાના બનાવો પણ ભુતકાળમાં સામે આવ્યા છે. ત્યારે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા હાલ આ બંન્ને સરહદો પર બાજ નજર રાખી પોલીસ કાફલો પણ તૈનાત કરી દીધો છે. નાતાલ અને ૩૧ ડિસેમ્બરને હવે ગણયા ગાંઠ્યા દિવસો બાકી રહ્યા છે. ખાસ કરીને ૩૧ ડિસેમ્બરના રોજ થર્ટી ફસ્ટની પાર્ટીને ધામધુમથી ઉજવણી કરવા હાલ દાહોદ જિલ્લાવાસીઓ પણ થનગની રહ્યા છે. ત્યારે ગુજરાતમાં દારૂબંધીના કાયદાને સુપેરૂ સુવ્યવસ્થિ અમલ થઈ રહે તેવા હેતુસર દાહોદ જિલ્લા પોલીસ હાલ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડર પર ખાસ નજર રાખી રહી છે. ખાસ કરીને હાલના સમયમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો ઉર પોલીસ લગામ કસી રહી છે. ગુજરાતમાં ખાસ કરીને દાહોદ જિલ્લામાંથી જ વિદેશી દારૂની અવર જવર થતી હોય છે. કારણ કે, મધ્યપ્રદેશ અને રાજસ્થાન દાહોદ જિલ્લાની બંન્ને સરહદી વિસ્તારો છે. આમેય ભુતકાળમાં પોલીસ દ્વારા આ બંન્ને સરહદો ઉપરથી લાખ્ખોની કિંમતમાં વિદેશી દારૂનો જથ્થો અવાર નવાર પકડી પાડતી હોય છે.

## દે.બારીઆના પીપલોદ બસ સ્ટેશનમાં સુવિધાનો અભાવ

પીપલોદ,

દે.બારીઆ તાલુકાનુ પીપલોદ ગામ આજુબાજુના ૨૦ થી ૨૫ જેટલા ગામડાઓનુ એક ધંધાકિય હબ ગણી શકાય. પીપલોદ ગામ ખાતે રેલ્વે સેવા પણ ઉપ્લબ્ધ છે. આજુબાજુના ગામડાના બહારગામ મોટા શહેરો તરફ મજુરી કામે જવા માટે પણ પીપલોદ ખાતે આવતા હોય છે. પીપલોદ ગામે નેશનલ હાઈવે રોડ પસાર થતો હોય ગુજરાત રાજયની મોટાભાગની એસ.ટી.સેવા પણ અહિંયાથી મુસાફરોને સેવા આપી રહી છે.

પીપલોદ ગામ ખાતે વહેલી સવારથી કેટલાંક નોકરિયાત વર્ગના કર્મચારીઓ પણ બસમાં બેસવા માટે આવતા હોય છે. હાલમાં લોકડાઉન પછી શાળા–કોલેજો બંધ હોઈ માત્ર વિદ્યાર્થીઓ જોવા મળતા નથી. પીપલોદ ખાતે બહુ વર્ષો પહેલા એક નાનકડુ પીકઅપ સ્ટેન્ડ સરકાર દ્વારા બનાવાયુ હતુ. આજે ત્યાં આજુબાજુમાં કેટલાંક લારી–ગલ્લાવાળાઓ ગેરકાયદેસર રીતે અડિંગો જમાવી બેઠા છે જેના કારણે એસ.ટી.બસ ત્યાં થોભાવવા માટે મુશ્કેલી પડતી હોય છે. પીપલોદ ગામના કેટલાંક આગેવાનોએ ગ્રામસભામાં પણ નવીન સુવિધાસભર બસ સ્ટેન્ડ બનાવવા માટે હાજર અધિકારીઓને વારંવાર રજુઆતો કરી પરંતુ વર્ષો વિતી ગયા છતાં પણ પીપલોદ ગામને એક નવુ બસ સ્ટેન્ડ મળી શકતુ નથી.

## ફતેપુરામાં પુરૂ પાડવામાં આવતા પીવાના પાણીના પુરવઠાનો ખોટી રીતે વેડફાટ

ફતેપુરા,

ફતેપુરાના પોલીસ લાઈન રોડ પર લોકોને વપરાશ પીવાના પાણી માટે ફતેપુરા પંચાયત દ્વારા નળ કનેકશન મારફતે પાણી આપવામાં આવ્યુ હતુ. પાણી અપાતા લોકોએ પાણીનો વેડફાટ કરતા રસ્તાઓ ઉપર પાણીના ખાબોચિયા ભરાતા માર્ગ બેટમાં ફેરવાયો હતો. પાણીનો દુરૂપયોગ થતાં રસ્તે પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકોને પરેશાન થવાનો વારો આવ્યો હતો. લોકો અને પંચાયતની બેદરકારીથી આ વિસ્તારના રસ્તાઓ પણ બિસ્માર થવાની શકયતાઓ સેવાઈ રહી છે ત્યારે સ્થાનિક દ્વારા આ માર્ગ પર પાણીના નિકાલ માટે ગટર ન હોવાથી થોડુ પાણી ઢોળાતાની સાથે જ રસ્તાઓ પર પાણીના ખાબોચિયા ભરાઈ જતાં હોવાની બુમો ઉઠવા પામી છે.

## દાહોદ જિલ્લાના ચાર શખ્સો સામે પાસાનું શસ્ત્ર ઉગામાયું

દાહોદ,

દાહોદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ કરવા બદલ ચાર શખ્સો સામે જિલ્લા વહીવટી તંત્રએ પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે. આ ચાર પૈકી ત્રણને પકડી કારાગૃહમાં ધકેલી દેવામાં આવ્યા છે. દાહોદ પોલીસ દ્વારા પ્રોહિબિશન ઓફ એન્ટિ સોશ્યલ એક્ટિવિટી હેઠળ કરવામાં આવેલી દરખાસ્તને જિલ્લા દંડાધિકારી વિજય ખરાડીએ ધ્યાને લઈ આ આદેશ કર્યો હતો.

જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે અસામાજિક પ્રવૃત્તિને ડામવા માટે પોલીસ તંત્રને કેટલાક શખ્સો સામે પાસાની કરવાની સૂચના જારી કરી હતી. જેના આધારે દારૂ વેચાણની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા સિંગવડ તાલુકાના મેથાણ ગામના ભારતભાઈ સુરસિંગભાઈ ઝાલૈયા, રળિયાતના પપ્પુભાઈ માંગીલાલ સાંસી અને લીમખેડા તાલુકાના પટવણના ગોરધનભાઈ સુરપાલભાઈ પરમાર તથા જુગાર રમાડવા બદલ લીમખેડાના સંતોષભાઈ રસિકલાલ સોનીની સામે પાસા વોરંટ ઈસ્યુ કરવા દરખાસ્ત કરી હતી.

પોલીસ તંત્ર દ્વારા કરાયેલી દરખાસ્તને આધારે જિલ્લા દંડાધિકારી વિજય ખરાડીએ આ ચારેય શખ્સો સામે પાસાના વોરંટ ઈસ્યુ કર્યા હતા. જે પૈકી ભારતભાઈ, સંતોષભાઈ, પપ્પુભાઈને પોલીસે પકડીને જુદી જુદી જેલમાં મોકલી આપ્યા છે. બાકી રહેલા ગોરધનભાઈને પકડવા પોલીસ તંત્રએ ચક્રો ગતિમાન કર્યા છે.

## દાહોદ જીલ્લા સેવા સદનના પાર્કિંગ માંથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ જિલ્લા સેવા સદનના પાર્કિંગમાંથી એક મોટરસાઈકલની ઉઠાંતરી થતાં સેવા સદનમાં પણ મોટરસાઈકલ ચોરોનો પગપેસારો થતાં ત્યાના વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં રહેતા વ્યવસાયે નોકરી કરતાં પ્રવિણકુમાર નારસીંગભાઈ રાઠોડ ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ દાહોદના જિલ્લા સેવા સદનમાં કોઈ કામ અર્થે આવ્યા હતા અને પોતાની મોટરસાઈકલ આ પાર્કિંગમાં લોક મારી પાર્ક કરી ગયા હતા. આ લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પ્રવિણકુમાર નારસીંગભાઈ રાઠોડે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદના તાલુકાના કતવારા ગામની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવક દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

કતવારા ગામે વાડી ફળિયામાં રહેતો અજયભાઈ દિનેશભાઈ મખોડીયા દ્વારા ગત તા.૦૮મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા જ્યારે બકરા ચરાવવા ગઈ હતી. તે સમયે તેની પાસે આવી તેણીની પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવાના ઈરાદે સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઈન્દોરમાં ખેડૂત સંમેલનમાં ભાજપ નેતા નિવેદનથી લોકો સ્તબ્ધ

# વડાપ્રધાન મોદીએ ઉથલાવી છે કમલનાથ સરકાર: કૈલાશ વિજયવર્ગીયનો સ્ફોટક ખુલાસો



ઈન્દોર,

ઈન્દોરમાં ખેડૂત સંમેલનને સંબોધિત કરતા ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ મોટું નિવેદન આપ્યું છે. ખેડૂત સંમેલનમાં પોતાના ભાષણ દરમ્યાન વિજયવર્ગીયએ કહ્યું છે કે મધ્યપ્રદેશમાં કમલનાથ સરકાર પાડવામાં જો કોઈની મહત્વની ભૂમિકા છે તો તે નરેન્દ્ર મોદીની હતી.

વાસ્તવમાં, ખેડૂત આંદોલન અને કૃષિ કાયદા પર શરૂ થયેલ ચર્ચા વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ જુદા જુદા શહેરોમાં ખેડૂત સંમેલનનું આયોજન કર્યું હતું. ઈન્દોરમાં ખેડૂત સંમેલનની જવાબદારી કૈલાશ વિજયવર્ગીય અને નરોત્તમ મિશ્રાને આપવામાં આવી છે.

મધ્ય પ્રદેશમાં કમલનાથની સરકાર પાડવા અંગે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયે મહત્વનો ખુલાસો કર્યો. તેમણે ઈન્દોરમાં આયોજિત એક કિસાન સંમેલનમાં દાવો કર્યો કે, મધ્ય પ્રદેશમાં કમલનાથની સરકાર પાડવામાં પીએમ મોદીની મહત્વની ભૂમિકા હતી. તેમણે જણાવ્યુ હતુ કે, તમે કોઈને આ વાત જણાવશો નહી. મે આજ સુધી આ વાત કોઈને કરી પણ નથી.

કમલનાથની સરકાર પાડવામાં જો કોઈએ મહત્વની ભૂમિકા નિભાવી હોય તો એ પીએમ મોદી હતા. તેમણે જણાવ્યુ હતુ કે, ધર્મેન્દ્ર પ્રધાને સરકાર પાડવામાં કોઈ ભૂમિકા અદા કરી નથી. જ્યારે કૈલાશ વિજયવર્ગીયે આ પ્રકારનું નિવેદન આપ્યું ત્યારે ખુદ ધર્મેન્દ્ર પ્રધાન મંચ પર હાજર હતા.

વિજયવર્ગીયનું નિવેદન ટ્વીટ કરતી વખતે પૂર્વ મુખ્યપ્રધાન કમલનાથના મીડિયા કોઓર્ડિનેટર નરેન્દ્ર સલુજાએ કહ્યું કે કૈલાશ વિજયવર્ગીય હવે પોતાના મોઢેથી કહી રહ્યા છે કે કમલનાથ સરકારને પછાડવામાં નરેન્દ્ર મોદીની મુખ્ય ભૂમિકા હતી. કોંગ્રેસ શરૂઆતથી જ આ કહેતી રહી છે, પરંતુ ભાજપના પતનનું કારણ કમલનાથ સરકાર કોંગ્રેસની આંતરિક લડાઈ વિશે ખોટુ કહેતી રહી છે, તે સત્યને ઢાંકતી આવી છે, પરંતુ આજે સત્ય તેમની જીભ પર આવી જ ગયું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 99

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### કાલોલ તાલુકાના ઘુસર ગામે

# રેતી ખનન મુદ્દે બે ખનિજ માફિયાઓ વચ્ચે તકરાર : ખાન ખનિજ વિભાગમાં દોડધામ





## ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ બે વાહનોને કબ્જે કર્યા

### વેજલપુર થી ઘુસર-સુરેલી રોડ ઉપર અનેક રેતીના સ્ટોરેજમાં ગેરકાયદેસર રેતીના ઢગલાઓ

કાલોલ તાલુકાના ઘુસર-સુરેલી રોડ ઉપર અનેક ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે રેતીનો જથ્થો મેળવીને રેતીના સ્ટોક કરવામાં આવ્યો છે. વેજલપુર થી સુરેલી રોડ ઉપર આવેલા રેતીઓના સ્ટોરેજમાં રેતીનો જથ્થો ગેરકાયદેસર રીતે એકઠા કરવામાં આવે છે. તેમ છતાં આવા રેતીના સ્ટોરેજ ઉપર ખાણ ખનિજ વિભાગ દ્વારા રેડ કરવામાં આવતી નથી. જેને પરિણામે ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતાં ખનિજ માફિયાઓની દાદાગીરી વધી રહી છે.

કાલોલ,

કાલોલ તાલુકાના ઘુસર ગામ પાસેથી પસાર થતી ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતીનું ખનન કરવામાં આવી રહ્યું છે. ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતાં ખનિજ માફિયા અને કાયદેસરના લીઝ ધારક વચ્ચે ઝગડો થવા પામ્યો હતો. આ ઘટનાની જાણ થતાં પંચમહાલ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને નદીના પટમાં લોડર-૧, ટ્રેકટર-૧ને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે

### ખાણ ખનિજ વિભાગ દ્વારા માત્ર સુરેલી અને ઘુસર ગામે નદી માપણી ?

પંચમહાલ ખાણ ખનિજ વિભાગ દ્વારા ગોમા નદી વિસ્તારના ગામો થકીના માત્ર ઘુસર અને સુરેલી નદી વિસ્તારની લીઝ માપણી કરીને સંતોષ માનશે કે પછી ચલાલી સુલતાનપુરા, રોયન જેવા વિસ્તારોના ગામની મુલાકાત લઈ ખાણ ખનિજ ચોરી કરતાં ખનિજ ચોરો સામે કાર્યવાહી કરશે.

વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

કાલોલ તાલુકાના ઘુસર ગામ પાસેથી પસાર થતી ગોમા નદીના પટમાંથી ગેરકાયદેસર રેતીનું ખનન કરવામાં આવતું હોય છે. ઘુસર પાસે ગોમા નદીના પટમાંથી એક લીઝ ધારકને મંજુરી મળેલ છે. તેમ છતાં અન્ય કેટલાય ખનિજ માફિયાઓ ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતા હોય છે. ગોમા નદીના પટમાંથી

### સોશ્યલ મિડીયા થકી અધિકારીઓની જાણકારી રાખતાં ખનિજ માફિયાઓ

કાલોલ તાલુકાના સુરેલી, ચલાલી, ઘુસર સહિતના ગોમા નદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતાં ખનિજ માફિયાઓ ખાણ ખનિજ ખાતા થી તમામ એકટીવીટી થી વાકેફ હોય છે. ખાણ ખનિજ વિભાગના કર્મચારીઓની ગતિવિધીની મહિલાઓ ખનિજ માફિયાઓ સોશ્યલ મીડીયા થકી રાખી રહયા છે.

ગેરકાયદેસર રેતીનું ગેરકાયદેસર ખનન કરી સરકારી તિજોરીને નુકશાન પહોંચાડી રહ્યા છે. આવા ખનિજ માફિયાઓને જીલ્લા ખાણ ખનિજ વિભાગનો ડર રહ્યો નથી અને બેફામ રીતે નદીના પટમાંથી રેતીનું ખનન કરી રહ્યા છે. આજરોજ કાલોલના ઘુસર ગામે ખાણ ખનન વિભાગ માંથી કાયદેસર લીઝ ધરાવતા હોય તેવા લીઝ ધારક અને ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતાં ખનિજ માફિયા

### કાલોલ તાલુકાના તળાવોની માટી ખનનથી ખાણ ખનિજ અણજાણ...?

કાલોલ તાલુકામાં આવેલ ઘુસર ગામની ગોમા નદીમાંથી અવારનવાર ખનિજ માફિયા રેતી ખનન કરતા તો જોવા મળે છે. ત્યારે હવે કાલોલના તળાવોને પણ ખનિજ માફિયાઓએ તેમનો શિકાર બનાવ્યો છે. હાલમાં કાલોલ તાલુકાના મોટા તળાવ, મહિસાગર તળાવ, ધોલા તલાવડી, નવલખી તલાવડી તેમજ ઘુસર રોડ પર આવેલ તલાવડીમાંથી રાતના ૧૦ વાગ્યા બાદ ખનિજ માફિયાઓ માટી કાઢી બારોબાર સગેવગે કરતા અવારનવાર ગ્રામજનોને દેખાતી હોય છે. ત્યારે હવે ખાણ ખનિજ તેમના સામે શું એકશન લે તે જોવું રહ્યું.

વચ્ચે તકરાર થવા પામી હતી. ખનિજ માફિયાઓ વચ્ચે રેતી ચોરી બાબતે થયેલ તકરારના સ્થળે પંચમહાલ ખાણ ખનિજ વિભાગના અધિકારી અને કર્મચારીઓ પહોંચ્યા હતા અને ઘુસર ગામે નદી માંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતાં લોડર મશીન-૧, ટ્રેકટર-૧ને ખાણ ખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યું હતું. ખાણ ખનિજ વિભાગ દ્વારા ઘુસર ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ચોરી કરતાં ઝડપી પાડવામાં વાહનો અંગે તેમજ ગેરકાયદેસર ખનિજ ચોરી કરતાં ઈસમો સાથે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી છે.

# શહેરામાં પાનમ મહિલા સંગઠન દ્વારા ૧૭ ગામોની મહિલા શ્રમિકોને મનરેગા અંતર્ગત રોજગારી પુરી પાડવા રજુઆત

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે આજરોજ પાનમ મહિલા સંગઠનની મહિલા તેમજ ચલાલી સહિતના ૧૭ ગામોની મહિલાઓ દ્વારા મનરેગા અંતર્ગતના કામોમાં મહિલા શ્રમિકોને રોજગારી પુરી પાડવામાં આવે તેવી માંગ સાથે રેલી સ્વરૂપે નિકળી તાલુકા પંચાયત કચેરીમાં રોજગારી પુરી પાડવા લેખિત અને મૌખિક રજુઆત કરી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**- કોરોના કાળમાં રોજગારી નહિ મળતા શ્રમિક મહિલાઓને નિર્વાહનો પ્રશ્ન.**
**- શ્રમિક મહિલાઓને રોજગારી માટે સૂત્રોચ્ચાર કરી TDOને રજુઆત.**

શહેરા તાલુકાના પાનમ મહિલા સંગઠનની દશ ગામની મહિલાઓ તેમજ ચલાલી સહિતના ૧૭ ગામોની મહિલાઓ દ્વારા મનરેગા અંતર્ગત મહિલા શ્રમિકોને રોજગારી પુરી પાડવામાં આવે તેવી માંગ સાથે શહેરા ખાતે રેલી યોજી હતી. હાલ કોરોના મહામારીને લઈ શહેરા વિસ્તારોમાં રોજગારી માટે જતાં શ્રમિકો પોતાના વતન પરત ફરી ગયા છે. આવા શ્રમિક પરિવારોને રોજગારી મળી રહી નથી. જેને લઈ પરિવારોનો નિર્વાહ કરવો મુશ્કેલ બની રહ્યો છે. ત્યારે શહેરા તાલુકાના ચલાલી સહિતના ૧૭ ગામોની મહિલાઓ તેમજ પાનમ મહિલા સંગઠન સાથે મળી મનરેગા અંતર્ગત ચાલતા વિકાસલક્ષી કામોમાં મહિલા શ્રમિકોને રોજગારી પુરી પાડવામાં આવે તેવી માંગ સાથે શહેરા ખાતે રેલી યોજી હતી. પાનમ મહિલા સંગઠનના નેજા હેઠળ યોજાયેલી રેલીમાં મહિલાઓ રોજગારી આપો તેવા સૂત્રોચ્ચાર તેમજ હાથમાં રોજગારી આપે તેવા બેનરો સાથે બસ સ્ટેશન થી તાલુકા પંચાયત કચેરી સુધી રેલી યોજી હતી અને પાનમ મહિલા સંગઠનના જયોતિકાબેન બારીયા, સુખીબેન સહિતની મહિલાઓ તાલુકા વિકાસ અધિકારીને મળ્યા હતા. ટી.ડી.ઓ.ને લેખિત અને મૌખિક રજુઆત કરાઈ હતી કે શ્રમિક મહિલાઓને મનરેગા અંતર્ગત રોજગારી પુરી પાડવામાં આવે ગ્રામ્ય વિસ્તારમાં રહેતી શ્રમિક મહિલાઓ રોજગારી નહિ મળતાં જીવન નિર્વાહનો પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે આ બાબતને ગંભીરતા થી વિચારીને મહિલા શ્રમિકોને રોજગારી પુરી પાડવા માટે કાર્યવાહી કરે તે જરૂરી છે.

# પંચમહાલ-દાહોદ-મહિસાગર જીલ્લાનું સંયુકત કિસાન સંમેલન મોરવા(હ) ખાતે ના.મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયું

મોરવા(હ),

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અદયક્ષતામાં પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાનું સંયુક્ત કિસાન સંમેલન યોજાયું હતું. જેમાં નીતિન પટેલે નવું કૃષિ સુધારા બિલ ૨૦૨૦ દેશના કરોડો ખેડૂતો માટે ફાયદાકારક હોવાનું જણાવ્યું હતું,સરકારની કોવિડ ગાઈડલાઈન્સના પાલન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ત્રણેય જિલ્લાના ભાજપના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.




તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે આવેલ સરકારી સાયન્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતામાં કિસાન સંમેલન યોજાયું હતું. દાહોદ મહીસાગર અને પંચમહાલ જિલ્લાના આ સંયુક્ત કિસાન સંમેલનમાં ત્રણેય જિલ્લાના ભાજપી કાર્યકરો હોદ્દેદારો અને કિસાન મોરચાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ સુધાર બિલ ૨૦૨૦ પસાર કરવામાં આવ્યા બાદ પંજાબ અને હરિયાણા ના ખેડૂતો સિંઘુ પર બિલને રદ્દ કરવાની માંગ સાથે ૨૦ દિવસ ઉપરાંતથી આંદોલન કરી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા આ આંદોલનને કોંગ્રેસ દ્વારા ઉભું કરવામાં આવ્યું હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. તો ભાજપ દ્વારા પહેલા દેશના દરેક ખેડૂત ને કૃષિ સુધારા બિલ વિષે માહિતગાર કરવા માટે ખાટલા બેઠકો કરવામાં આવી હતી અને હવે ભાજપ દ્વારા કિસાન સંમેલન દરેક જિલ્લામાં આયોજિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ આજથી રાજ્યમાં કિસાન સંમેલન યોજવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાનું સંયુક્ત કિસાન સંમેલન પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પંચમહાલ દાહોદ અને મહીસાગર જિલ્લાના ભાજપના કિસાન મોરચાના આગેવાનો–કાર્યકરો, સ્થાનિક ધારાસભ્યો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં ઉપસ્થિત નીતિન પટેલ એ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરી જણાવ્યું હતું કે પહેલા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોને શેષ આપવી પડતી હતી જે કાયદાને કેન્દ્ર સરકાર દ્વારા રદ્દ કરવામાં આવ્યો છે તેમજ વેપારી ખેડૂતના ખેતરે જઈને ખેતપેદાશ ખરીદી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે જે ખેડૂતો માટે ;લાભદાયી છે. તો પછી વિરોધ સેનો છે તે સમજાતું નથી. ૧૩૦ કરોડ દેશની જનતા છે જે પૈકી ૫૦૦૦૦ લોકો વિરોધ કરી રહ્યા છે. દેશમાં પંજાબ અને હરિયાણા સિવાયના રાજ્યોમાં કોઈ વિરોધ નથી, વિરોધ કરનારાઓને જ ખબર નથી કે તેઓ વિરોધ શેનો અને કેમ કરી રહ્યા છે.

નવા કૃષિ કાયદાથી ખેડૂતોને ફાયદો જ થવાનો છે કોઈ જ નુકસાન થવાનું નથી માટે ખેડૂતોને સાચી માહિતી મળી રહે તે માટે આ કિસાન સામેલનો યોજવામાં આવી રહ્યા છે.

# કોરોના કાળમાં મદયમવર્ગના રેલ્વેના મુસાફરોને દ્યાનમાં રાખી જનરલ ટીકીટ અને પાસ ઈશ્યુ માટે માજી સાંસદ દ્વારા રજુઆત

ગોધરા,

ગુજરાત રાજ્ય અને પંચમહાલ જીલ્લાના મધ્યમવર્ગના લોકોને જનરલ ટીકીટ તેમજ રોજીંદા મુસાફરી કરતાં મુસાફરોમાં મધ્યમવર્ગ માટે સહાયરૂપ બને તેમ છે. તેવી રજુઆત રેલ્વે વિભાગ પંચમહાલના માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી.

કોરોના મહામારીમાં સૌથી વધુ હેરાન મધ્યમવર્ગ થયો છે. હાલ જ્યારે ગુજરાત રાજ્યમાં કોરોના મહામારીના સંક્રમણના કેસ ઘટી રહ્યા છે પરંતુ મધ્યમવર્ગના લોકો આર્થિક રીતે પીડાતો જાય છે. મધ્યમવર્ગના લોકોને પોતાના કુટુંબના ભરણપોષણ માટે નિયમિત ધંધા–રોજગાર પર જાય છે અને હાલમાં રેલ્વે માર્ગ ઉપર બંધ હોવાને લઈને ના છુટકે કાયમી રેલ્વે દ્વારા મુસાફરી કરતા લોકોને સરકારી બસ અથવા ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડતી હોય છે. જેને લઈ મદ્યમવર્ગના લોકો ઉપર આર્થિક ભારણ વધી રહ્યું છે. આ બાબતોને દ્યાનમાં લઈને સેન્ટ્રલ રેલ્વે એ જનરલ ટીકીટ આપવાની ચાલુ કરી તે મુજબ વેસ્ટર્ન રેલ્વેમાં સમાવેલા ડીવીઝનમાં જનરલ ટીકીટ તેમજ રોજીંદી મુસાફરી કરતા પાસ ધારકોને પાસ ઈશ્યુ કરવામાં આવે તો મધ્યમવર્ગના લોકો સુરક્ષીત અને શાંતિથી મુસાફરી કરી શકે છે અને આવા મધ્યમવર્ગના મુસાફરો ઉપર પડતું આર્થિક ભારણ ઘટાડીને તેમના જીવન નિર્વાહમાં મદદરૂપ થાય તેમ છે. આ બાબતે પંચમહાલ જીલ્લા માજી સાંસદ દ્વારા વેસ્ટર્ન રેલ્વે દ્વારા જનરલ ટીકીટ અને પાસ ઈશ્યુ કરવામાં આવે તેવી રજુઆત કરી છે.

## સંતરામપુર નગરપાલિકા, સંતરામપુર
## સ્વચ્છ ભારત મિશન
## જાહેર ખબર

સંતરામપુર નગરપાલિકાને ૧ અથવા ૨ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા તથા વાંધા/સૂચનો મંગાવવા બાબત.

સંતરામપુર નગરપાલિકાની જાહેર જનતાને આથી સુચિત કરવામાં આવે છે કે, ભારત સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ આપવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે સ્વચ્છ ભારત મિશન તથા ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન અનુસાર સંતરામપુર નગરપાલિકાએ ૧ અથવા ૨ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

| | |
|---|---|
| ૧ | શહેરના તમામ રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરવામાં આવે છે . |
| ૨ | જાહેર સ્થળો, કોમર્શિયલ સ્થળો તથા રહેણાંક સોસાયટીના રોડની સફાઈ કરવામાં આવે છે. |
| ૩ | જાહેર સ્થળો તથા કોમર્શિયલ સ્થળોએ ડસ્ટબીન (ગ્રીન એન્ડ બ્લ્યુ)ની સુવિધા કરવામાં આવનાર છે તથા મટીરીયલ રીકવરી ફેસીલીટી સેન્ટરની શરૂઆત કરવામાં આવનાર છે. |
| ૪ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ ઘડતર કરવામાં આવેલ છે. |
| ૫ | શહેરના તમામ જાહેર સ્થળો, રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં તથા ઈન્ડસ્ટ્રીયલ મિલ્કતો પાસેથી વેસ્ટ કલેકશન એન્ડ ટ્રાન્સપોર્ટેશનના યુઝર ચાર્જીસની વસુલાત, સ્પોટ ફાઈન તથા પેનલ્ટી ચાર્જીસની વસુલાત કરવામાં આવે છે. |
| ૬ | શહેરમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. |
| ૭ | શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાના નિકાલ માટે વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરવાનું શરૂ કરવામાં આવનાર છે અને બાકી રહેલ કચરાનું વૈજ્ઞાનિક ઢબે લેન્ડફીલ સાઈટ ઉપર નિકાલ કરવાની યોજના બનાવવામાં આવેલ છે. |
| ૮ | શહેરમાં સુશોભનની કામગીરી કરવામાં આવેલ છે. |
| ૯ | શહેરના તમામ વોટર બોડી અને CT / PT ની સફાઈ માટે કામગીરી કરવામાં આવેલ છે. |
| ૧૦ | શહેરના જાહેર શૌચાલયો ગુગલ મેપ પર SBM શૌચાલય તરીકે અપલોડ થયેલ છે. |

આ નોટીસથી આ બાબતે કોઈપણ નાગરીકોને વાંધા સુચન હોય તો આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન–૧૫ (પંદર) માં સંતરામપુર નગરપાલિકા કચેરીમાં લેખીતમાં રજુઆત કરવા વિનંતી.

ચીફ ઓફીસર
સંતરામપુર નગરપાલિકા

માહિતી/ગોધરા/૬૧૩/૨૦૨૦

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## ટૂંકી મુદતની ઈ-ટેન્ડર નોટીસ નં-૨૨-સને-૨૦૨૦-૨૧

**ઈ-ટેન્ડર આઈ.ડી. ન.૪૫૩૮૫૪,૪૫૩૮૫૫,૪૫૩૮૫૮ અને ૪૫૩૮૫૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા, જીલ્લો–મહિસાગર ૩૮૯૧૫૧ મો.નં–૯૯૭૮૪૦૬૬૨૦ દ્વારા ઉકત ટેન્ડર આઈ.ડી.થી લુણાવાડા તાલુકાની ચારણગામ, થાણાસાવલી, હિંદોલીયા અને ખાનપુર તાલુકાની કારંટા એમ કુલ–૪ (ચાર) જુથ પાણી પુરવઠા યોજનાઓના ૨૪ માસ માટેની મરામત અને નિભાવણીની કામગીરી માટેના ઈટેન્ડરો માંગવામાં આવે છે. ઉકત કામોની ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૦૫/૦૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી રાખવામાં આવે છે. ટેન્ડર અંગેની વધુ માહિતી http//gwssb.nprocure.com વેબસાઈટ પરથી મેળવી શકાશે. ટેન્ડર મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખવમાં આવે છે. ઉકત ટેન્ડર અન્વયેની વધુ વિગતો માટે જરૂર જણાયે અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય વર્તુળ, ગોધરા તથા કા.ઈ.શ્રી (સિ), લુણાવાડાની કચેરીનો સંપર્ક કરવો.

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ, નો હેલ્પ લાઈન નંબર–૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૧૦/૨૦૨૦

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સી. કે. પરીખ
મુ. તાડીયા,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અરવિંદભાઈ ઘનશ્યામભાઈ ભરવાડ
મુ. બળીયાદેવ,
તા. હાલોલ